# શ્રીમતી જયોતિબેન દલાલ વિકલાંગ મહિલા સશકિતકરણ યોજના






**વિકલાંગ બહેનો પોતાની પસંદગી, પોતાની આવડત મુજબ વ્યવસાય શરૂ કરી શકે અથવા ઈચ્છિત નોકરી મેળવી શકે તે માટે સહાયરૂપ થવાની સંસ્થાની મહત્વકાંક્ષી યોજના**

શ્રીમતિ પરસનબેન નારણદાસ રામજી શાહ (તળાજાવાળા)
સોસાયટી ફોર રિલીફ એન્ડ રિહેબિલિટેશન ઓફ ધ ડિસેબલ્ડ
(પી.એન.આર. સોસાયટી)
૫૧, વિદ્યાનગર, ભાવનગર
ફોન : ૦૨૭૮–૨૪૨૯૩૨૬
E-MAIL : Info@pnrsociety.org
WEBSITE : pnrsociety.org

PNR HOPE 4 HANDICAPPED

વિકલાંગ બહેનો પગભર બને અને સ્વમાનભેર જીવે

## યોજના અંતર્ગત સહાય મેળવવા માટેની અન્ય માહિતી

(૧) નિયત કરેલ અરજીપત્રકમાં જ ફોર્મ ભરવું (૨) આ યોજના ભાવનગર જિલ્લામાં રહેતી ૧૮ થી ૪૫ વર્ષની વિકલાંગ બહેનો માટે છે (૩) વિકલાંગ બહેનોએ કોર્સ ન કર્યો હોય, પરંતુ પોતાની આવડતના આધારે કે પરિવારના પરંપરાગત વ્યવસાય શરૂ કરવા સહાય મેળવવા અરજી કરી શકશે (૪) કોઈપણ વિકલાંગતા ધરાવતા બહેનો અરજી કરી શકશે (૫) ફોર્મ સાથે શૈક્ષણિક લાયકાત, વ્યવસાયિક લાયકાત, અપંગતાનું પ્રમાણપત્ર, પાસપોર્ટ સાઈઝનો ફોટો, અને વ્યવસાય શરૂ કરવા ઈચ્છતા હોય તો, અલગ કાગળમાં પ્રોજેકટ બનાવીને સાથે જોડવા જરૂરી છે (૬) યોગ્યતા અને નિયમોને આધિન સંસ્થા સહાય કરશે

## ફોર્મ મેળવવા તથા ભરીને મોકલવા માટેના સ્થળ
(સમય : સવારે ૧૦.૩૦ થી ૧.૩૦)

- પી.એન.આર. સોસાયટી, ૫૧, વિદ્યાનગર, **ભાવનગર.** ફોન : 0278-2429326

પી.એન.આર. સોસાયટી સંચાલિત વિકલાંગ પુનઃવસન કેન્દ્રો

- **સિહોર** : માધવહીલની સામે, રાજકોટ રોડ
- **પાલીતાણા** : યશોવિજય નગર, ચર્ચ પાછળ
- **તળાજા** : એન.આર.શાહ મેમોરીયલ, વાવ ચોક
- **મહુવા** : વીણાસારંગી કોમ્પ્લેકસ, ગાંધીબાગ પાસે

મોબાઈલ નં. (નરેશભાઈ અજમેરા) 94280 78368






**Project fully funded by :**
**The Dalal Family Foundation, U.S.A.**

ભારત જેવા દેશમાં મહિલાઓ તરફ ભેદભાવનું વાતાવરણ છે અને મહિલાઓના વિકાસમાં અનેક અવરોધો પણ છે. એમાયે ખાસ વિકલાંગ મહિલાઓની હાલત વિશિષ્ટ રીતે દયાજનક છે. આપણાં સમાજમાં, મહિલાઓ અંગે જે માન્યતાઓ છે, તે મહિલાઓના વિકાસને અવરોધે છે. વિકલાંગ મહિલા કુટુંબ માટે જિંદગી પર્યતનો બોજ છે તેમ માની લેવામાં આવ્યું છે, તેથી તેના આર્થિક સ્વનિર્ભર થવાના પ્રયત્નો સંપૂર્ણ સફળ નિવડતા નથી.

આ સંજોગોમાં વિકલાંગ મહિલા વધુ વિકટ સ્થિતિમાં દોહ્યલું જીવન વ્યતિત કરે છે. આવી પરિસ્થિતિમાંથી વિકલાંગ મહિલાઓને બહાર લાવી, તેને આર્થિક રીતે સ્વનિર્ભર કરવાની "વિકલાંગ મહિલા સશકિતકરણ યોજના" નામની આ વિશિષ્ટ યોજના, "ધ દલાલ ફેમિલી ફાઉન્ડેશન, અમેરિકા" ના સંપૂર્ણ આર્થિક સહયોગથી પી.એન.આર સોસાયટી, ભાવનગર દ્વારા કરવામાંઆવી છે.

## વિકલાંગ મહિલા શકિતકરણ યોજનાનો હેતુ અને રૂપરેખા

આ યોજનાનો મુખ્ય હેતુ, વિકલાંગ મહિલા, તેની વિશિષ્ટ દયનીય સ્થિતિમાંથી બહાર આવે અને આર્થિક રીતે એવી સ્વનિર્ભર બને કે સ્વમાનભેર પોતાનું જીવન જીવી શકે. વિકલાંગ બહેનો આ યોજનાનો લાભ લઈ જરૂરી તાલિમ મેળવે, મદદ મેળવે, માર્ગદર્શન મેળવી શકે, તેવો આ યોજનાનો મુખ્ય હેતુ છે. આ વિવિધલક્ષી યોજનામાં વિકલાંગ મહિલાઓને તેની આસપાસની હકકીકતલક્ષી સ્થિતીની જાણકારી આપી જાગૃત કરવી, તેમજ તે સ્વમાનભેર જીવન જીવી શકે તે માટે, તેનામાં રહેલી શકિતઓની ઓળખ કરાવી, તેની આવડતને સ્વરોજગાર સાથે સાંકળવી, એ માટે જરૂરી તાલિમ મેળવવામાં મદદરૂપ થવું અને સ્વરોજગાર માટે સાધનોની સહાય કરવી. વિકલાંગ મહિલાને પગભર કરવા મદદ મળી રહે તેવું આયોજન છે.

વિકલાંગ બહેનો પોતાના પરિવારને બોજારૂપ બનવાને બદલે મદદરૂપ થઈ શકે તે માટે તેમને સક્ષમ બનાવવામાં મદદ કરવાની વિશીષ્ટયોજના



## વિકલાંગ બહેનો કેવા પ્રકારની તાલિમ મેળવવામાં મદદ મેળવી પોતાનો વ્યવસાય કરી શકશે અથવા નોકરી મેળવી શકશે ?

| | | | | |
|---|---|---|---|---|
| કોમ્પ્યુટર | રીસેપ્સનિષ્ટ | ઓફિસ કલાર્ક | કોમ્પ્યુટર ટીચર | ઝેરોક્ષ ઓપરેટર |
| મોબાઈલ રીચાર્જ | બ્યુટી પાર્લર | મહેંદી કામ | બગસરા જવેલરી | ભરતગુંથણ |
| સિવણ | એમ્બ્રોઈડરી | સ્કુલબેગ | ફોટોગ્રાફી | વિડિયોગ્રાફી |
| કરિયાણા વેપાર | શાકભાજી વેપાર | ફેરી દ્વારા વેચાણ | નર્સરી / બાગાયત | ડેરી ઉદ્યોગ |
| પશુપાલન | ગૃહ ઉદ્યોગ | નાસ્તો બનાવવો | ટીફીન સર્વિસ | કેટરિંગ |
| કેનીંગ | અગરબત્તિ | લેમિનેશન | ફોટોફ્રેમ | ચિત્રકામ |

ઉપરોકત તાલિમની યાદી જાણકારી માટે છે. આ સિવાયની અન્ય તાલિમ માટે પણ સહાય મેળવવા અરજી કરી શકાશે

## સંસ્થા કઈ રીતે સહાય કરશે ?

- ✓ તાલિમ મેળવવા માટે જરૂરી સ્કોલરશીપ અથવા ફી ની સહાય
- ✓ તાલિમના સ્થળે આવવા–જવાના ખર્ચમાં સહાય
- ✓ તાલિમ પૂરી કર્યા પછી સ્વરોજગાર શરૂ કરવામાં મદદ
- ✓ વ્યવસાયના સાધનો ખરીદવા માટે મદદ
- ✓ સ્વરોજગાર માટે આર્થિક સહાય
- ✓ જરૂર જણાય ત્યારે લોન મેળવવા માટે યોગ્ય માર્ગદર્શન
- ✓ કાચો સામાન ખરીદવામાં માર્ગદર્શન
- ✓ પાકા માલના વેચાણ માટે માર્ગદર્શન
- ✓ ધંધાના હિસાબો રાખવાની તાલિમ મેળવવામાં મદદ
- ✓ સ્વરોજગાર ચલાવવા માટે જરૂરી મેનેજમેન્ટ માટે માર્ગદર્શન
- ✓ નોકરી મેળવવામાં સહાય